સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષની નવી બાબત

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કચેરી માટે ગાડી નં.જીજે.૧-એસ-૯૭૬૮ તથા ગાડી નં જીજે-૧૮-ઇ-૭૪૭ કંડેમ કરી તેની સામે નવા બે વાહન ખરીદવા અંગેની ₹.૧૨.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૦૨૦૧૩/ન.બા-૩૬૪/અ૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧/૦૮/૨૦૧૪

વંચાણે લીધાઃ

(૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૧૨/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ પવવિનિ/મકમ-૧૫૮૨/૧૩.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નો તા.૨૦/૧/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃસશપ/ ૧૦૨૦૧૩/ એનબી ૩૬૪-/અ૧

(3) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમની કચેરી, ગાંધીનગરનો તા.૦૫-03-૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ પવધિનિ/મકમ/૨૪૧૩/૧૪.

ઠરાવઃ-

આમુખ ક્રમાંક(૧) માં દર્શાવેલ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કચેરી, ગાંધીનગર ના તા.૧૮/૧૨/૨૦૧૩ ના પત્ર અન્વયે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર માટે નવા બે વાહન ખરીદવા માટે ₹.૧૨.૦૦ લાખની જોગવાઇ સને ૨૦૧૪-૨૦૧૫ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણા ને અંતે પછાત વર્ગ વિકાસ નિગમને નં.જીજે.૧-એસ-૯૭૬ તથા ગાડી નં જીજે-૧૮-ઇ-૭૪૭ કંડેમ કરી તેની સામે એક વાહનની ₹..૬.૦૦ લાખની કિંમત મુજબ બે નવા વાહન ખરીદવાની કુલ ₹.૧૨.૦૦ લાખ (અંકે રૂપિયા બાર લાખ પૂરા) ની પ્રસ્તુત નવી બાબતનો ખર્ચ કરવાની નીચેની શરતો ને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ

દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ કરતી વખતે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) નવા વાહનની ખરીદી આ હેતુ માટે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાની રહેશે અને આ હેતુ માટે કરાયેલ જોગવાઇમાંથી બચત રહેતી રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં પરંતુ બચત સરન્ડર કરવાની રહેશે.

(૫) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪.૯.૨૦૦૮ના ઠરાવની પ્રવર્તમાન સૂચનાનો અમલ કરવાનો રહેશે.

(૬) નવા વાહન ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રકિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૭) ગૃહ વિભાગના તા.૧૫/૧૦/૯૯ના પત્ર ક્રમાંકઃજીટીએસ/૧૦૯૯/૨૫૬૦/ઘ ની જોગવાઇ/ સૂચનાઓ ધ્યાને લઇ D.G.S.& D ના રેટ કોન્ટ્રાક્ટ અનુસાર જૂના રદ બાતલ થયેલ વાહનની ખરીદી બજેટ જોગવાઇની મર્યાદામાં D.G.S.& D ના રેટ કોન્ટ્રાક્ટ હોય તેવી એજન્સી પાસેથી સૌથી નીચા ભાવ હોય તેવું વાહન ખરીદવાનું રહેશે.

(૮) નવુ વાહન ખરીદવામાં આવનાર વાહન ડીઝલ સંચાલિત/C.N.G./Non A.C. હોવુ જોઇએ.

(૯) વિભાગે રદબાતલ કરેલ સામે નવા વાહન ની ખરીદીની નોંધ લેવાની રહેશે.(પહોંચ પર).

(૧૦) ડ્રાઇવરની જગ્યા ઉભી કરવા/ભરવા માગણી કરવાની રહેશે નહિ.

(૧૧) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંકઃ- ૯૨, મુખ્ય સદર ૨૨૨૫, અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્યસદર- ૦૩, પછાતર્ગોનું કલ્યાણ, પેટાસદર ૦૧, બીસીકે-૧૦૮-આર્થિક વિકાસ નિગમ-બોર્ડ ગૌણસદર-૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકિય સહાય હેઠળ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અ.મુ.સચિવશ્રી(નાણા), નાણાં વિભાગની તા.૨૧/૫/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.ભાવસાર)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ. શાખા/ના.સે.અધિ.શ્રી